પરમ પૂજ્ય દાદા ભગવાનનો ૧૧૮ મો જન્મજયંતી મહોત્સવ મોરબી

# સેવા માટે આમંત્રણ - કાર્યક્રમની વિગત - સેવાર્થીઓ માટે સૂચના

(માત્ર ભારતમાં રહેતા સેવાર્થીઓ / મહાત્માઓ માટે)

## સેવાર્થી માટે સૂચનાઓ

1. **માપદંડ** - સેવા આપવા ઈચ્છતા મહાત્માઓ શારીરિક રીતે સ્વસ્થ અને જ્ઞાન લીધાને ઓછામાં ઓછું ૧ વર્ષ થયું હોવું જોઈએ. તેમજ સેવાર્થી પાસેથી રોજની ૮ કલાકની સેવાની અપેક્ષા રહેશે.
2. **સેવાર્થી ફોર્મ** - સેવા આપવા ઈચ્છતા દરેક મહાત્માઓએ → જુના + નવા સેવાર્થીઓ ફોર્મ ભરવાનું રહેશે.
3. મહોત્સવ દરમ્યાન **પરમેનેન્ટ મહાત્મા આઈકાર્ડ ધરાવતા દરેક પાત્ર મહાત્માઓને સેવામાં પ્રાધાન્ય આપવામાં આવશે.**
4. **સેવા અપ્લાય કરવા માટે** - ઓનલાઈન ફોર્મ seva.dadabhagwan.org પર તારીખ **૩૦ મે થી – ૧ જુલાઈ સુધી** ભરી શકાશે.
5. **સેવા ઓનલાઈન ફોર્મ** - ઈંગ્લીશમાં ભરવાનું છે. ઓનલાઈન ફોર્મ ભરવાની કોઈ જ સગવડ ન હોય તેઓએ અન્ય મહાત્માની મદદ અથવા પોતાના સેન્ટર કોર્ડીનેટરની મદદ લઈ ઓનલાઇન ફોર્મ ભરવાનું રહેશે.
6. ઓનલાઈન ફોર્મ ભરવા માટે આપે આપનો મહાત્મા આઈ-કાર્ડ / Z નંબર, પર્સનલ મોબાઈલ નંબર **(જે મહાત્મા આઈ-કાર્ડ / Z નંબર સાથે લીંક કર્યો છે (રજીસ્ટર કરેલ છે) તે જ)** વાપરવાનો રહેશે **અન્યથા આપ ફોર્મ ભરી શકશો નહીં.** તથા આપનો ઈમેલ આઈડી (ન હોય તો કુટુંબીનું ઈમેલ આઈડી) તૈયાર રાખશો. **ઈમેલ નહીં હોય તો પણ ઓનલાઈન ફોર્મ ભરી શકાશે. મહાત્માને તેમણે ભરેલા ફોર્મની કોપી ઈમેલ કરવામાં આવશે.**
7. જો આપનો મોબાઈલ નંબર, વોટ્સએપ નંબર, ઈમેલ આઈડી અથવા સબ-સેન્ટર બદલાયા હોય તો આપે એ-કનેક્ટ થકી અથવા આપના સેન્ટર કોર્ડીનેટર થકી વિગત અપડેટ કરાવ્યા બાદ ફોર્મ ભરવાનું રહેશે.
8. **સેવા એલોટમેન્ટ લેટર** - આશરે **28 જુલાઈ** સુધી જાહેર કરાશે જે seva.dadabhagwan.org પર જઈ ડાઉનલોડ કરવાનો રહેશે. જેમણે ત્રણેય કેટેગરીની (મહોત્સવ પહેલા, દરમિયાન અને પછીની) સેવા ફાળવવામાં આવી છે તેમને ત્રણેય કેટેગરીની વિગતો દેખાશે.
9. સેવાર્થીઓએ સેવા શરુ થવાની તારીખના સવારે ૯ કલાકે ઈવેન્ટ ગ્રાઉન્ડ પર આવી જવાનું રહેશે અને સેવા એલોટ થયાની અંતિમ તારીખના દિવસે, ઈવેન્ટ પૂરી થયા બાદ પ્રવાસનું આયોજન કરવાનું રહેશે. સેવાર્થીઓના વહેલા ચાલ્યા જવાથી મહોત્સવના છેલ્લા દિવસોમાં અગવડ થતી હોય છે. આપણે સહુ આ બાબતે જાગૃતિ રાખીશું.
10. **ફક્ત ભાઈઓ માટે** - સેવા એલોટમેન્ટ લેટરમાં લખાવેલ દિવસ કરતા વધુ દિવસ આપને સેવા આપવાની અનુકુળતા હોય તો ભાઈઓ SMD ઓફિસમાં સંપર્ક કરશો.
11. **ઈવેન્ટ રજિસ્ટ્રેશન** - વ્યવસ્થાના ભાગ રૂપે, સેવાર્થીઓએ એકનેક્ટ એપના ઈવેન્ટ મોડ્યુલમાં, ભોજન અને ઉતારા માટે ઈવેન્ટ રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. **ઓપ્શન-૧ અને ઓપ્શન-૩ ના સેવાર્થીઓ માટે સેવાના દિવસો પ્રમાણે ભોજન અને ઉતારાની વ્યવસ્થા રહેશે. (એકનેક્ટ રજીસ્ટ્રેશન ફક્ત ઈવેન્ટના દિવસો પ્રમાણે જ દેખાશે).**
12. **સરકારી ફોટો ID પ્રૂફ** - ICard ધરાવતા મહાત્માઓએ જેમણે અગાઉ પોતાનું સરકારી ફોટો ID પ્રૂફ સબમિટ કર્યું નથી તેમણે ઈવેન્ટ રજિસ્ટ્રેશન વખતે એ સબમિટ કરાવવું પડશે. Z નંબર ધરવતા મહાત્માઓએ પણ ઈવેન્ટ રજીસ્ટ્રેશન માટે પોતાનું સરકારી ફોટો ID પ્રૂફ સબમિટ કરાવવું ફરજિયાત છે.

**નોંધ :** ખાસ નોંધ લેશો કે ફોર્મ થકી આપ:-

a. માત્ર સેવા માટે પોતાની અનુકુળ તારીખો જ આપી રહ્યાં છો.

b. **પ્રસંગની જરૂરીયાત મુજબ આપને સેવા ઓછા દિવસ માટેની પણ મળી શકે અથવા ન પણ મળે.** માટે સેવાર્થીઓએ 'સેવા એલોટમેન્ટ લેટર' માં ફાળવાયેલી સેવાની તારીખો દરમ્યાન જ સેવા આપવાની રહેશે.

c. **સેવાર્થીઓને મળતી સુવિધાઓ સેવા એલોટમેન્ટ લેટરમાં જણાવેલ સેવાના દિવસોમાં જ આપવામાં આવશે.**


**સેવાર્થી મેનેજમેન્ટ ડીપાર્ટમેન્ટ,અડાલજ**

ભાઈઓ : 8347009270, (079) 35002147 - બહેનો : 8347009269, (079)35002163

સમય : સવારે : 10:00 થી 1:00 અને સાંજે : 3:30 થી 7:00